**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૫/૦૨/૨૦૧૮ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૪૫/૧૮**

## મેટ્રોરેલ પ્રોજેક્ટ બાંધકામના લોખંડના પાઇપ ચોરી અંગેનો ગુનો શોધી કાઢતી વાસણા પોલીસ

મહે.પોલીસ કમિશ્નર શ્રી તથા ખાસ પોલીસ કમિશ્નર શ્રી, સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૭, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, એમ-ડીવીજન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન તેમજ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એચ.બી.ચૌધરી, વાસણા પોલીસ સ્ટેશન નાઓએ આપેલ સુચના આધારે પો.સબ.ઇન્સ.એ.આર.સુર્યવંશી તથા પો.કો. સહદેવસિંહ ગજેન્દ્રસિંહ બ.નં-૧૦૦૩૭ તથા પો.કો. આલિંગભાઇ બાબાભાઇ બ.નં.-૧૩૨૧૬ નાઓ સાથે મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા અંગેની ખાનગી રાહે બાતમી હકિકત મેળવતા હતા ત્યારે પો.કો. સહદેવસિંહ ગજેન્દ્રસિંહ બ.નં-૧૦૦૩૭ તથા પો.કો. આલિંગભાઇ બાબાભાઇ બ.નં.-૧૩૨૧૬ નાઓને ખાનગી રાહે સંયુક્ત બાતમી હકિકત મળેલ કે એક રીક્ષા નં GJ-01-AV-5699 મા ત્રણ ઇસમો જેમા અજય ઉર્ફે લાવારીસ તથા સુનીલ ઠાકોર તથા મુકેશ ઉર્ફે ખજુર ઠાકોર નાઓ ચોરીની લોખંડની પાઇપો વેચવા આયોજન નગરના પાછળના રસ્તે થઇ પસાર થનાર છે જે બાતમી હકિકત આધારે તથા સાથેના હેડ .કોન્સ.દિનેશભાઇ કાનજીભાઇ બ.નં.૭૮૯૭, પો.કો. યુવરાજસિંહ નટવરસિંહ બ.નં.૧૦૨૭૯, પો.કો. સહદેવસિંહ ગજેન્દ્રસિંહ બ.નં-૧૦૦૩૭, પો.કો. આલિંગભાઇ બાબાભાઇ બ.નં-૧૩૨૧૬, પો.કો. રસિકભાઇ નાથાભાઇ બ.નં-૧૦૨૬૭ તથા પો.કો. કલ્પેશભાઇ વાલજીભાઇ બ.નં.૦૦૮૪ નાઓ સાથે વાસણા વિસ્તારના આયોજન નગરના પાછળના રસ્તે આવી વોચમાં રહી બાતમીમા જણાવેલ નંબરવાળી ઓટો રીક્ષા આવતા તેને રોકી ઓટો રિક્ષા નં GJ-01-AV-5699 મા બેઠેલ ત્રણેય ઇસમો (૧) અજય ઉર્ફે લાવારીશ રમેશભાઇ ઠાકોર ઉ.વ.-૧૯ રહે- સફલ ફ્લેટ ની બાજુના મેદાનમા કાચા છાપરામા ટોરેન્ટ પાવરની સામે મકરબા અમદાવાદ (૨) સુનિલ પોપટભાઇ ઠાકોર ઉ.વ.-૨૨ રહે-રામી રમણલાલની ચાલી ભુદરપુરા આંબાવાડી અમદાવાદ તથા (૩) મુકેશ ઉર્ફે ખજુર કચરાજી ઠાકોર ઉ.વ.-૨૬ રામી રમણલાલની ચાલી ભુદરપુરા આંબાવાડી અમદાવાદ નો મળી આવેલ તેમજ ઓટોરીક્ષામા તપાસ કરતા સીટની પાછળના ભાગે બે લોખંડની પાઇપો મળી આવેલ જે બાબતે યુક્તિ પ્રયુક્તિથી પુછતા તેઓએ વાસણા, જીવરાજ પાર્ક રોડ ઉપર મેટ્રોનુ કામ ચાલે છે ત્યાથી ચોરી કરેલ હોવાનુ તથા વેચાણ કરવા જતા હોવાનુ કબુલ કરેલ હોય જે અંગે અત્રેના વાસણા પો.સ્ટે ખાતે ખાત્રી તપાસ કરાવતા વાસણા પો.સ્ટે. ખાતે ફસ્ટ ગુ.ર.નં. ૦૮/૧૮ ઇપીકો કલમ ૩૭૯ મુજબંનો ગુનો દાખલ થયેલ હોવાનું તેમજ આ મળી આવેલ લોખંડની પાઇપો એ ફસ્ટ ગુ.ર.નં. ૦૮/૧૮ ઇપીકો કલમ ૩૭૯ મુજબ ના ગુનાનો મુદ્દામાલ હોય આ મળી આવેલ લોખંડની પાઇપો નંગ-૦૨ કિં.રૂ.૧,૦૦૦/- તથા ઓટો રીક્ષા નં. GJ-01-AV-5699 કિં.રૂ.૧૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૧૧,૦૦૦/- ની મતાનો મુદ્દામાલ કબજે કરી ત્રણેય આરોપીઓ (૧) અજય ઉર્ફે લાવારીશ રમેશભાઇ ઠાકોર ઉ.વ.-૧૯ (૨) સુનિલ પોપટભાઇ ઠાકોર ઉ.વ.-૨૨ તથા (૩) મુકેશ ઉર્ફે ખજુર કચરાજી ઠાકોર ઉ.વ.-૨૬ નાઓને સદર ગુનાના કામે આજ રોજ તા.૦૪/૦૨/૨૦૧૮ ના કલાક ૨૦/૩૦ વાગ્યે પકડી અટક કરી ચોરીનો મિલકત સબંધી ગુનો શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે.

## શાહીબાગ પોલીસ સ્ટેશન

મહે.પોલીસ કમીશ્નર સાહેબશ્રી તથા મહે.સેકટર-૨ સાહેબશ્રી તથા નાયબ પો.કમિ.શ્રી ઝોન-૪ સાહેબ શ્રી તથા અ.ના.પો.કમી.શ્રી 'એફ' ડિવિઝન સાહેબ તથા સિનિયર પોલીસ ઈન્સ્પેકટરશ્રી એ.કે.પટેલ સાહેબ તથા સેકન્ડ પોલીસ ઈન્સ્પેકટરશ્રી જી.એસ.પઠાણ સાહેબની માર્ગ દર્શન મુજબ આજ રોજ અમો પો.સબ.ઈન્સ એ.કે.મકવાણા તથા અ.હે.કોન્સ કિર્તીકુમાર ભાઈલાલભાઈ બ.નં-૯૩૨૪ તથા પો.કો રાજદીપકુમાર ચતુરભાઈ બ.નં-૫૭૫૮ તથા પો.કો યોગેશકુમાર કાંન્તીલાલ બ.નં ૪૬૭૧ તથા પો.કો નારાયણ વેલજીભાઈ બ.ન-૪૮૯૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ ઈન્સ્પેકટર સાહેબની સુચનાથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલકત સબંધી ગુન્હા શોધી કાઢવા તેમજ અટકાવવા કાઢવા સારુ શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સિવિલ હોસ્પીટલ કેમ્પસ, સિવિલ હોસ્પીટલ ગેટ નં-૩,કિડની હોસ્પીટલ પાસે આવતા સાથેના પો.કો. યોગેશકુમાર કાંન્તીલાલ બ.નં ૪૬૭૧ તથા પો.કો.રાજદીપકુમાર ચતુરભાઈ બ.નં.૫૭૫૮ નાઓને તેમના ખાનગી બાતમીદારથી હકીકત આપેલ કે " બે ઈસમો કે જેઓએ ચોરી અગર છળકપટથી મેળવેલ એક કાળા કલરનું એકટીવા લઈ સિવિલ હોસ્પીટલ ગેટ નં-૫ તરફથી લઈ આવી કિડની હોસ્પીટલ થઈ સિવિલ હોસ્પીટલ ગેટ નં-૩ તરફ જવાના છે જે હકીકત આધારે (૧)હરેશભાઈ ઉર્ફે મનોજ સ/ઓ આનંદભાઈ ગંગારામ જાતે મિસ્ત્રી ઉ.વ.૪૪ ધંધો નોકરી રહેવાસી પીપળાવાળો વાસ,જહાગીરપુરા,અસારવા,શાહીબાગ, અમદાવાદ શહેર હોવાનુ જણાયેલ તથા એકટીવા પાછળ બેસેલ ઈસમે પોતાનુ નામ (૨) રાજેશભાઈ સ/ઓ ફતાજી કાલાજી જાતે ઠાકોર ઉ.વ.૪૬ ધંધો છુટક મંજુરી હાલ રહેવાસી - ૧૧૬ ગુ.હા. બોર્ડ,રામેશ્વર પોલીસ ચોકીની પાછળ,મેઘાણીનગર,અમદાવાદ શહેર કાયમી રહેવાસી- પીપળાવાળો વાસ,જહાગીરપુરા ,અસારવા, શાહીબાગ, અમદાવાદ શહેરનાઓને તા.૦૫/૦૨/૨૦૧૮ ના કલાક ૦૨/૪૦ વાગે પકડી અટક કરી શાહીબાગ પો.સ્ટેશન ફ.ગુ.ર.નં- ૩૭/૨૦૧૮ ધી ઈ.પી.કો.કલમ ૩૭૯,૧૧૪ મુજબનો ગુનાના કમાના મુદામાલ એકટીવા નંબર-**GJ-27-N-1361** જેની કિં.રૂ. 30,000/- ગણી શકાય તે કબજે કરી ગુનો ડીટેકટ કરી કરેલ છે

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

### પેરોલ ફર્લો જમ્પ આરોપી પકડવા બાબતે

પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી"ડિવિઝન નાઓએ નાસતા ફરતા આરોપીઓ અને પેરોલ જમ્પ આરોપીઓની તપાસ કરી કાયદેસર કાર્યવાહી કરવા હુકમ કરેલ હોય જે આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી વી.અર.ચૌધરી નાઓની સુચનાથી કૃષ્ણનગર પો.સ્ટે.વ્હીકલ સ્કવોડ ના પો.સ.ઇ.શ્રી જે.એસ.ચંપાવત તથા સ્ટાફના માણસો સાથે આજરોજ તા.૪/૨/૨૦૧૮ ના રોજ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો. ઇન્દ્રજીતસિંહ દાનુભા નાઓને મળેલ બાતમી આધારે અમરાઇવાડી પો. સ્ટે. ફર્સ્ટ ગુ.ર. નં. ૪૧૨/૨૦૧૦ ઇપીકો કલમ ૩૦૨ ૧૧૪ મુજબના ગુનાનો આરોપી સતીષ ઉર્ફે ટીકુ મનોજભાઇ ત્રિભોવનસિંહ જાતે રાય ઉ.વ.૨૯ રહે. મ.નં.૩૬૫/૬૩ શાંતીલાલની ચાલી ઘનશ્યામ નગર અમરાઇવાડી અમદાવાદ નાનો સાબરમતી સેન્ટ્રલ જેલમાં કાચા કામના કેદી નં.૮૬૫૧ તરીકે હતો અને ગઇ તા.૨૮/૧૨/૨૦૧૭ થી તા.૧૨/૧/૨૦૧૮ સુધી પેરોલ રજા ઉપર છુટેલ અને તા.૧૨/૧/૨૦૧૮ ના રોજ હાજર થવાનું હતુ પણ હાજર થયેલ નહી અને નાસતો ફરતો હોય જેને બાતમી આધારે પકડી પાડી સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરી સારી અને પ્રશંસનીય કામગીરી કરેલ છે.તા.૪/૨/૨૦૧૮

## જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં હાલમાં વધતા જતાં ચોરીના બનાવ અટકાવવા તેમજ થયેલ ચોરીના ભેદ ઉકેલવા સુચના આપેલ જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ જીઆઈડીસી વટવા પો.સ્ટે તથા સર્વેલન્સ પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા તથા સ્ટાફના માણસો તા:૦૩/૦૨/૨૦૧૮ ના રોજ જીઆઇડીસી વટવા પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અપોકો દીનેશ બાબરભાઈ તથા અપોકો જયેશ વીશાભાઈ નાઓની સંયુક્ત બાતમી આધારે વિંઝોલ સર્કલ પાસે જાહેરમાં એક ઈસમ <u>વિલસન સ/ઓ પ્રશાંતભાઈ હોરબન (ક્રિશ્ચન) ઉ.વ- ૨૧ ધંધો-નોકરી રહે.મ.નં ટી/૨, પુષ્પક સીટી, હાથીજણ સર્કલ પાસે, અમદાવાદ</u> નાને ચોરીનુ લીનોવો કંપનીના લેપટોપની કિંમત રૂ ૧૦,૦૦૦/- તેમજ સોની કંપનીના કેમેરાની કિંમત રૂ. ૧,૦૦૦/- તેમજ કેમેરાના ચાર્જરની કિંમત રૂ ૧૦૦/- સાથે મળી આવતા તેની પૂછપરછ કરતા તેણે આ ત્રણેય ચીજવસ્તુઓ છએક માસ અગાઉ ઈસનપુર ખાતે આવેલ ચંદ્રમણી સોસાયટીના ખુલ્લા મકાનમાંથી ચોરી કરેલ હોવાનું જણાવેલ જેથી તેને તા:૦૩/૦૨/૧૮ ના ક: ૨૨/૩૦ વાગે સદરી આરોપીને સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરેલ છે.આ રીતે ઈસનપુર પો.સ્ટે ફ.ગુ.ર.નં ૧૮/૧૮ ધી ઈપીકો કલમ ૩૮૦ મુજબના ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.

નોંધ- વિલસન પ્રશાંતભાઈ હોરબન (ક્રિશ્ચન) નાનો અગાઉ વસ્ત્રાપુર પો.સ્ટે ફ.ગુ.ર.નં ૧૭૦/૧૬ ધી ઈપીકો કલમ ૩૭૯ મુજબના ગુનામાં પકડાયેલ છે.

---

## વાહન ચોરી ગુના ના ભેદ ઉકેલતી સોલા હાઇકોર્ટ પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓએ મિલ્કત સબંધી ગુના બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવાની સુચના મુજબ સેકટર-૧ સાહેબશ્રી તેમજ ઝોન-૧ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી 'ક' વિભાગ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકીકત આધારે વિશ્વકર્મા મંદીર ચાંદલોડીયા રોડ થી આગળ જાહેર રોડ પર એક સ્લેન્ડર મો.સા.નં.જી.જે.01 એલ.જે.૯૩૯૫ પર બે ઇસમો જેમા (૧)શંભુલાલ સ/ઓ લક્ષ્મણભાઇ માંગીલાલજી કુમાવત ઉ.વ.૨૧ રહે.૨૫ વૃંદાવન પાર્ક ચાંદલોડીયા અમદાવાદ મુળ ગામ-બામણીયા કલા તા.રેલમંગરા જી.રાજસમંદ રાજસ્થાન (૨)ગોલુગીર સ/ઓ દેવગીર મિશ્રીગીર ગૌસ્વામી ઉ.વ.૧૯ રહે.હાર્દીકભાઇ ના મકાનમા રબારીવાસ નવા વાડજ અમદાવાદ મુળ ગામ-પાડલીગુસાઇ તા.બ્યાવરા જી.રાજગઢ પો.સ્ટે ભગવાજ મધ્યપ્રદેશ સદર બંન્ને આરોપીઓને રોકી સદર મો.સા.ની આર.સી.બુક તેમજ બીજા કાગળો માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવતા અને ગલ્લા તલ્લા કરતા હોય સદરી બંન્નેને વિશ્વાસમાં લઇ પુછ્પરછ કરતા ગઇ તા.૧૪/૦૧/૨૦૧૮ના રોજ વૈશ્નોદેવી સર્કલ પાસેથી સદર મો.સા.ચોરી કરેલ હોવાનુ જણાવેલ જેથી સદર બંન્ને આરોપીઓની સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ તા.૦૩/૦૨/૨૦૧૮મના ક.૧૧/૦૦ વાગે અટક કરી બાદમા વિશેષ પુછ્પરછ કરતા બંન્ને આરોપીઓએ ૨૦ દીવસ પહેલા વૈશ્નોદેવી સર્કલ રીંગ રોડથી ગોદરેજ ગાર્ડન સીટી જવાના રોડ ઉપરથી એક બજાઝ સીટી-૧૦૦ મો.સ.ચોરી કરેલાનુ અને તે ઉપરાંત ૧૫ દિવસ અગાઉ થલતેજ વોટર ડીસ્ટીબ્યુટરની ઓફીસ સોલા ખાતેથી એક બજાઝ ડીસ્કવર મો.સા ચોરી કરેલાની કબુલાત કરતા તપાસ કરતા બોપલ પોસ્ટે ફ.ગુના.રજી.નં. ૦૭ /૧૮ ઇપીકો કલમ,૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ છે તેમજ અત્રેના સોલા પોસ્ટે ફ.ગુના.રજી.નં.૩૮/૧૮ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪મુજબનો ગુનો દાખલ થયેલ છે જેથી ઉપરોક્ત બંન્ને આરોપીઓની કાયદેસર ધરપકડ કરી બોપલ,સોલા,તેમજ સાબરમતી પોસ્ટે.ના ગુનાના ભેદ ઉકેલતી સોલા પોલીસ.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.